
# અરુણોદય

ઓક્ટોબર-૨૦૧૭
અંક - ૮




સંપાદકીય બોર્ડ

- આર.કે.દાસ
- એસ.જે.મેહતા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા

— PAPA / FATHER / DAD
— દરેક પિતાના ભાગ્યમાં પુત્રી નથી હોતી/જાણવા જેવું
— કચ્છના ક્રાંતિવીર શ્રી શ્યામજી કૃષ્ણવર્મા
— "હાયકું" – " મુક્તક"
— ફોટોગ્રાફ
— દીકરીને અવતરવાદો આ જગતમાં .....
— નવલી નવરાત્રિ - શકિત પૂજન
— मेरे विचारों से ......... लक्ष्मीपूजन
— बाबुराव
— શાળા ની પ્રવૃત્તિઓ

# PAPA / FATHER / DAD



**NARENDRASINH SHIVUBHA SODHA**
**ATPS , NANI CHHER**

આજે જે લેખ લખવા જઈ રહ્યો છું તે માત્ર લેખ નહિ પરંતુ મારી જીંદગી છે.

મારું સર્વસ્વ છે મારો આત્મા છે . મારા ગુરુ , મારા સખા , મારા સુખ્દુખ ના ભાગીદાર , મારા ઈશ્વરે નીમેલા મારા જન્મ દાતા અને પાલનહાર મારા પિતા ...

આ લેખ પૂરો કરતા કરતા કદાચ રૂમાલ પણ ભીનો થઇ જશે અને લેપટોપ નું કી બોર્ડ પણ .....

કોઈપણ વ્યાખ્યાનકાર માતા વિષે બોલ્યા કરે છે, સંત મહાત્માઓ પણ માતાના મહત્વ વિશેજ વધારે કહે છે,દેવ-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગયા છે.લેખકો-કવિઓ એ પણ માતાના ખુબ વખાણ કર્યાં છે. સારી વસ્તુ ને માતાની જ ઉપમા આપવામાં આવે છે. પણ ક્યાય પિતા વિષે બોલાતું નથી.કેટલાક લોકોએ પિતાની કલ્પના ને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર,વ્યસની અને મારઝૂડ કરનારા જ હોયછે....

આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશેજ પણ સારા પિતાઓ વિષે શું લખાયું છે? પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કે

" આપણાંનસીબના કાણા તેના ગંજીમાં પડ્યા છે ".

તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા દીકરી નેનવા જીન્સ લઇ આપશે પણ પોતે તો જુનો લેંઘોજ વાપરશે.સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલુન માં જઈને બીલ કરશે પણ તેમનાજ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાશ થઇ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે.ઘણીવાર તો ખાલી પાણી લગાડી નેજ દાઢી કરી લેતાં હોય છે.રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે.પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતા થી ભૂલી જઈએ છીએ ? નોકરી માં એક દિવસ રવિવારે રજા મળતા જ ગામડે ફાટ વળી ને ખેતી કામ કરતા પણ મેં જોયેલા છે અને કપાસ ની ગાંસડી માથે ઉચકી ને સેઢા સુધી લાવતા જોયા છે પિતા ને ...

બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડુસકા ભરે છે તે પિતા હોય છે.માતા રડે છે પણ પિતાને તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી,કારણકે નાના ભાઈ બહેનો ને સાચવવાના હોયછે, પોતાની માતા મૃત્યુ પામેતોપણ પિતા રડી શકતા નથી.કારણકે બહેન ને આધાર આપવાનો હોય છે.પત્ની અડધે રસ્તે સાથ છોડી ને જતી રહે તો બાળકોના આંસુ લૂછવાનું કામ પણ પિતા એજ કરવાનું હોય છે. પિતા માંદા પડે ત્યારે તરતજ દવાખાને જતા નથી. તે માંદગી થી ડરતા નથી પણ જો ડોક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે કારણકે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈપણ સાધન હોતું નથી.પહોચ હોય કે નહોય પણ દીકરાને એન્જીનીયરીંગ કે મેડીકલમાં પ્રવેશ અપાવે છે.

ખેંચ ભોગવીને પણ બાળક ને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલેછે,પણ કેટલાક દીકરાઓ જે તારીખે પૈસા મળે તેજ તારીખે પરમીટરૂમ માં પાર્ટીઓ આપે છે. અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય તેનીજ મજાક ઉડાડે છે. કોઈપણ પરીક્ષા નું પરિણામ આવે ત્યારે માતાજ સહુથી નજીકની લાગે કારણકે બાજુમાં લે છે, વખાણ કરે છે, આશિષ આપે છે, પણ ગુપચુપ જઈને પેંડા પડીકા લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી.બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખુબ મહત્વ હોય છે પણ હોસ્પીટલની લોબીમાં અસ્વસ્થ થઈને આમ થી તેમ આંટા

મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી.

કોઈપણ સારા પ્રસંગે ઘરની દરેક વ્યક્તિ જતી હોય છે, પણ મરણ ના પ્રસંગે પિતાએજ જવું પડે છે. પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઉભા ઉભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે....

યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતાજ તેની રાહ જોઇને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે. દીકરા ની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેક ઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે ખરુંને ?

આ બધા જ અનુભવો નઝરે મારી અને લોકો ના જીવન માં બહુ જ બારીકાઇ થી જોયા છે હજુ પિતા વિષે ઘણું બધું લખી શકાય છે. હાલ ૨ વર્ષ થી તેમના થી છૂટો પડી ગયો છું તેવો સુરેન્દ્રનગર છે અને હું અમદાવાદ..પણ પિતા હમેશા ફોન કરી ને પૂછે છે દીકરા કઈ તકલીફ તો નથી ને ???

બસ હવે વધુ કઈ નહિ લખી શકું ......I LOVE MY FATHER .......

કદાચ ઈશ્વર અને મારા પિતા બંને સામે હોય મારી અને એક ની પસંદ કરવા નું કહે

તો હું દોડી ને મારા પિતા ની જ આંગળી પકડું ...

જો તમને આ લેખ અને વાતો ગમી હોય તો શેર કરજો મિત્રો સાથે

જેથી કરી ને એમના કોઈક શબ્દો કોઈક માં-બાપ ને વૃધ્ધાશ્રમે જતા અટકાવશે

તો મારો અને તમારો જન્મારો સફળ ગણાશે .....



બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

## "દરેક પિતાના ભાગ્યમાં પુત્રી નથી હોતી"

રાજા દશરથ પોતાના ચારેક દીકરાઓની જાન લઈને જયારે રાજા જનક ના દ્વાર પર પહોંચ્યા ત્યારે રાજા જનકે સમ્માનપૂર્વક જાનૈયાઓ નું સ્વાગત કર્યું. ત્યારે દશરથ રાજાએ આગળ વધીને જનક રાજાને પગે લાગ્યા.

આશ્ચર્યચકિત થઇ જનક રાજાએ પગે પડેલ દશરથ રાજાને ઉભા કરીને કહ્યું, " મહારાજ " તમે મોટા છો, વરપક્ષ વાળા છો, આવું તમે કેમ કરી રહ્યા છો ?

આ વાત પર દશરથ રાજાએ સુંદર વાત કરી, " મહારાજ " તમે દાતા છો, કન્યાદાન કરી રહ્યા છો, હું તો ભિક્ષુક છું, તમારા દરવાજે કન્યા લેવા આવ્યો છું, હવે તમે જ જણાવો કે દાતા અને ભિક્ષુક બંનેમાં કોણ મોટું છે ?

આ સાંભળીને જનક રાજાની આંખમાંથી અશ્રુધારા વહી પડી. ભાગ્યશાળી હોય છે એ જેના ઘરે છોકરીઓ હોય છે,

**મોરલ :-**

દરેક પુત્રીના ભાગ્યમાં પિતા હોય છે,

પરંતુ દરેક પિતાના ભાગ્યમાં છોકરી નથી હોતી.

શુભમ...

### કેન્દ્રીય મંત્રી મંડળ (૦૪/૦૯/૨૦૧૭ ના રોજ)

| | | | |
|---|---|---|---|
| | શ્રી નરેન્દ્ર મોદી | : | વડાપ્રધાન |
| | | | ✓ અણુઉર્જા, અવકાશ વિજ્ઞાન, કાર્મીક મંત્રાલય, પેન્શન અને ફરિયાદ નિવારણ, |
| | | | ✓ અન્ય મંત્રીઓને ન ફાળવાયેલા ખાતા. |
| | | | **કેબીનેટ મંત્રીઓ** |
| ૧ | રાજનાથ સીંઘ | : | ગૃહમંત્રી |
| ૨ | અરૂણ જેટલી | : | નાણામંત્રી અને કોર્પોરેટ બાબતો |
| ૩ | સુષ્મા સ્વરાજ | : | વિદેશમંત્રી |
| ૪ | નીર્મલા સીતારામન | : | સંરક્ષણ મંત્રી |
| ૫ | નીતીન ગડકરી | : | રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય, શીપીંગ મંત્રાલય, જળ સંપત્તિ મંત્રી |
| ૬ | સુરેશ પ્રભુ | : | વેપાર અને ઉદ્યોગ મંત્રી |
| ૭ | ડી. વી. સદાનંદ ગોવડા | : | આંકડા મંત્રાલય અને નીતી અમલીકરણ મંત્રાલય |
| ૮ | ઉમા ભારતી | : | પીવાનું પાણી અને સેનીટેશન મંત્રી |
| ૯ | રામવિલાસ પાસવાન | : | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ |
| ૧૦ | મેનકા ગાંધી | : | મહિલા અને બાળ કલ્યાણ મંત્રી |
| ૧૧ | અનંત કુમાર | : | કેમીકલ અને ફર્ટીલાઈઝર અને સંસદીય બાબતોના મંત્રી |
| ૧૨ | રવીશંકર પ્રસાદ | : | કાયદા અને ન્યાય મંત્રી, ઈલેક્ટ્રોનીક્સ અને આઈ.ટી. ટેક્નોલોજી મંત્રી |
| ૧૩ | જગતપ્રકાશ નડ્ડા | : | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી |
| ૧૪ | અશોક ગજપતી રાજુ | : | નાગરિક ઉડ્ડયન મંત્રી |
| ૧૫ | અનંત ગીતે | : | ભારે ઉદ્યોગ અને પબ્લીક એન્ટરપ્રાઈઝ મંત્રી |
| ૧૬ | હરસીમરત કૌર બાદલ | : | ફુડ પ્રોસેસીંગ મંત્રી |
| ૧૭ | નરેન્દ્ર સીંઘ તોમર | : | ગ્રામ્ય વિકાસ, પંચાયતી રાજ અને ખાણ મંત્રી |
| ૧૮ | ચૌધરી બિરેન્દર સીંઘ | : | સ્ટીલ મંત્રી |
| ૧૯ | જુએલ ઓરામ | : | આદિવાસી વિકાસ મંત્રી |
| ૨૦ | રાધા મોહન સીંઘ | : | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી |
| ૨૧ | થાવરચંદ ગેહલોત | : | સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી |
| ૨૨ | સ્મૃતિ ઈરાની | : | કાપડ મંત્રી, માહિતી અને પ્રસારણ મંત્રી |
| ૨૩ | ડૉ. હર્ષવર્ધન | : | સાયન્સ એન્ડ ટેકનોલોજી, જમીન વિજ્ઞાન વન, પર્યાવરણ અને ક્લાયમેન્ટ ચેન્જ મંત્રાલય |
| ૨૪ | પ્રકાશ જાવડેકર | : | માનવ સંસાધન વિકાસ મંત્રી |
| ૨૫ | ધર્મેન્દ્ર પ્રધાન | : | પેટ્રોલીયમ અને કુદરતી ગેસ મંત્રી, સ્કીલ ડેવલોપમેન્ટ મંત્રી |
| ૨૬ | પીયૂષ ગોયલ | : | રેલ્વે મંત્રી, કોલસા મંત્રી |
| ૨૭ | મુખ્તાર અબ્બાસ નકવી | : | લઘુમતી બાબતોના મંત્રી |

✓ નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાં ૨૭ કેબીનેટ મંત્રીઓ, ૧૧ સ્વતંત્ર પ્રભાર ધરાવતા રાજકક્ષાના મંત્રીઓ અને ૩૭ રાજ્યકક્ષાના મંત્રીઓ છે



# કચ્છના ક્રાંતિવીર
# શ્રી શ્યામજી કૃષ્ણવર્મા



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

ભારતમાતાના અનેક સપૂતો જે ભારતમાતાને વ્હાલા બનીને માતાના પાલવમાં છૂપાઇ ગયા એમાંના એક એવાં સાચા સપૂત પંડિત શ્યામજીકૃષ્ણ વર્માને આપણને કેમ ભૂલી શકીએ? ઇતિહાસમાં અમરત્વ પામેલાં આ પંડિતને ચાલો આપણે યાદ કરીએ

સશસ્ત્ર ક્રાંતિના અગ્રદુત એવા શ્યામજીએ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્ર માટે અર્પણ કર્યું

માંડવી (કચ્છ) ના ધુળિયા મહોલ્લાની એક સાંકડી ગલીમાં છેક છેડે આવેલા નાનકડા મકાનમાં ૧૮૫૭ ની ચોથી ઓકટોબરનાં શ્યામજીનો જન્મ થયો હતો. નાનપણમાં જ તેમણે માં ગુમાવી હતી નાનીમાંના સથવારે શ્યામજી મોટો થયો.

**અભ્યાસુ શ્યામજી : -**

શ્યામજીને વાંચનનો બેહદ શોખ હતો. ઘરમાં તો લાઇટ હતી નહિ , તેથી રાત્રિના સમયે રસ્તાના મ્યુનિસિપલ દિવાઓ ના અજવાળે મોડી રાત સુધી લેખન- વાંચન કરતા. બાળપણથી જ અભ્યાસુવૃતિ ધરાવતા હતાં. સંસ્કૃત સાહિત્ય અને વ્યાકરણમાં પારંગત બનવાનું તેમનું સ્વપ્ન હતું. શરૂઆતનો અભ્યાસ ભુજમાં અને ઉચ્ચ અભ્યાસ મુંબઇની વિલ્સન હાઇસ્કુલમાં કર્યા.

આજના યુગમાં વિધાર્થી ફક્ત અંગ્રેજી , ગુજરાતી , હિન્દી ભાષાનું જ્ઞાન મેળવે છે. તોવળીસંસ્કૃત પ્રત્યે અણગમો વ્યક્ત કરે છે. જ્યારે શ્યામજીને તો સંસ્કૃત પંડિત બનવું હતું તેમણે બનીને સાકારિત કરી બતાવ્યું.

**શ્યામજીનું ભારતભ્રમણ:-**

યુવાન શ્યામજી કોઇપણ ક્ષેત્રમાં પાછળ ન હતાં. ભારતીય સંસ્કૃતિના વિષયમાં તેઓ એટલું જાણતા હતાં કે તેઓ એ વિચારોને લોકો સમક્ષ રાખવાની તીવ્ર ઇચ્છા ધરાવતા હતાં. આર્યસમાજે તેમના માટે તે વ્યવસ્થા કરી આપી. યુવાન શ્યામજીએ ભારત ભ્રમણ શરૂ કર્યુ. પુના , અમદાવાદ , ભરુચ ,સુરત ,કાશી , અલીબાગ , લાહોર , અમૃતસર , ભુજ અને માંડવી આ બધી જ જગ્યાએ ફર્યા , પોતાનું વક્તવ્ય આપતા જતાં હતાં. લોકો આશ્ચર્યચકિત થઇ જતા અને બોલી ઊઠતા : આટલી નાની ઉંમર અને આટલી બધી વિદ્વતા.?

કચ્છની ધરા ઉપર જન્મેલા શ્યામજીએ આપણાં ગુજરાતનું વિશેષ ગૌરવ છે. કચ્છી સપૂત વિદેશી ભૂમિ ઉપર પોતાની અમીટછાપ ઊભી કરે છે. કૌટુંબિક ગરીબાઇ હતી તો તેથી શું ? પણ શ્યામજી ડગે તેવા નહતાં. બર્લિનમાં જ્યારે આર્કીઓલોજી (પુરાતત્વ વિધા) ની પરિષદ મળી હતી ત્યારે તેમણે " સંસ્કૃત ભારતની જીવંત ભાષા " વિશે વકતવ્ય આપ્યું. તેમજ ભારતના પ્રથમ સંસ્કૃત પંડિત તરીકે જગ વિખ્યાત થયા.

આજનાં કાળમાં રાષ્ટ્ર માટે પોતાનું લોહીનું ટીપેટીપું ખર્ચનારા કેટલા ? માત્ર આંગળીના વેઢે ગણાય તેટલાં શ્યામજી તેમાનાં એક હતાં. સશસ્ત્રક્રાંતિ નાં પ્રણેતા તરીકે તેઓ વિખ્યાત થયા.દેશસેવામાં તેમણે

પુષ્કળ દાન અર્પણ કર્યું. દેશસેવા માટે સતત દોડનારા શ્યામજીની તબિયત લથડી ૧૯૩૦ ની ૩૧ મી માર્ચ ના દિવસે જીનીવામાં અંતિમ શ્વાસ છોડયો.

**Freedom fighter** એવા શ્યામજી ક્યારેય પરિસ્થિતિના ગુલામ નથી બન્યા. તેમના જીવનમાંથી આપણે દ્રઢમનોબળ , સાહસ , રાષ્ટ્ર પ્રેમના ગુણોને આપણામાં સાકારિત કરીએ. તો વળી તેમના નામકરણથી ચાલતી શ્રી એસ.કે.વી. શાળાના આપણે કર્મચારી છીએ તેનું ખરું ગૌરવ અનુભવીએ તેમજ અંતઃ કરણપૂ ર્વકશતશઃ નમન કરીએ.




જી. આર. પંડ્યા
પ્રાથમિક શિક્ષક


# "હાયકું"

પ્રથમ લીટીમાં 5 અક્ષર, બીજી લીટીમાં 7 અક્ષર, ત્રીજી લીટીમાં 5 અક્ષર. કુલ 17 અક્ષરનું "હાયકું" બને છે. (બંધારણ) દરેક કાવ્યોના પ્રકારમાં અલગઅલગ હોય છે. ટુંકમાં મર્મ સઘળો આવી જાય છે.

1) વિદ્યાર્થી સોચે
હાય રે! શું થશે રે
આ પરિણામે...

2) સાગર તટે
વિચરે નર-નાર
ચાંદની રાતે...

3) બેની વીરાને
રક્ષા બાંધે શ્રાવણી
પૂ નમેજનઃ...

4) અષાઢી બીજ
ખીલે હૈયુ યુગલે
નવોઢા હૈયે...

5) વિદ્યાલયના
આંગણામાં ફૂલો
કેળવાય છે.....

# " મુક્તક"

સાસુ ને કોઇ આંચ નથી
વહુ ને કોઇ કાન નથી
" બિરદાવે " પુ બેઉ પક્ષે
તે ઘર માં કંકાશ નહીં.......

ત્રિભેટ ત્રણેયના વિચારો
ત્રિકોણે ત્રણ ખૂ ણાબનાવે કાટકોણ
મનથી લઘુ ,ગુરૂ હૈયા થી
સરળકોણ ! સૌ બનાવે ........

હવે તો સમય નો અભાવ કહી
" સૌમ્યતા " ખાતર " હલ્લો " કહી
યંત્રવત્ માનવ દોડતો થૈ ગયો ........



# ફોટોગ્રાફ




એસ.કે.ચૌહાણ
માધ્યમિક શિક્ષક

આપણા બધાના જીવનમાં એવા પ્રસંગો આવતા હોય છે કે  જ્યારે આપણે ખૂબ જ ગમતી વ્યક્તિ, પરિસ્થિતિ , વસ્તુ , ઘટના વગેરે મેળવી શક્તા નથી. આવી પરિસ્થિતિમાં મનમાં સતત અજંપો  રહેતો હોય છે. અને સતત ' મનગમતુ '  કઇ રીતે મેળવી શકાય તેના આયોજનોમાં રચ્યા-પચ્યા રહીએ છીએ. માનવસહજ સ્વભાવ જ એવો હોય છે કે ' મનગમતા ' ના આપણે માલિક થવા ઇચ્છીએ છીએ. પરંતું જાણકારો એમ કહે છે કે જેવા માલિક બનીએ કે તરત જ ' એ મનગમતાં '  પ્રત્યેના આપણા ભાવ બદલાઇ જાય છે.

જીવનમાં જ્યારે આવી પરિસ્થિતિ ઉદ્‌ભવે ત્યારે શું કરવું જોઇએ ? આ અંગેનો એક સરસ વિચાર ' કચ્છમિત્ર '  દૈનિકની રવિપૂર્તિમાં વાંચવા મળ્યો. ' ગમતાનો કરીએ ગુલાલ ' એ ન્યાયે વ્યક્તિગત રીતે ખૂબ ગમી ગયેલા આ વિચારને આપણા પરિવાર સાથે **Share**  કરવાની ઇચ્છા રોકી શકતો નથી.

' મનગમતુ '  પ્રાપ્ત ન થાય ત્યારે તેના તરફનું વલણ નીચેની પંકિતઓમાં બહુ જ સુંદર રીતે વ્યક્ત થયેલું છે.




સામેની ડાળી પર એક ફૂલ ઝુલે છે
તેનો રાતો રંગ અને મીઠી સુગંધ
બંને મને તેની બાજુ ખેંચે છે .
એ ફૂલ મને જોઇએ છીએ-
પણ મારે તેને ચૂંટવૂં  નથી જ
તેથી ઊંડો શ્વાસ લઇ તેની સુગંધને
હું મારા ઉદરમાં ઊંડે ઉતારું છું
અને વળી તેના આકાર અને રંગ
કરી લઉ છું મારા કેમરામાં કેદ .
હવે ફૂલ કરમાઇ ખરી પડશે
પણ તેની સુગંધ મારી કને સચવાશે
હું તેને જોઇ પણ શકીશ....
ધારું ત્યારે મેં પાડેલા આ ફોટામાં.......





# દીકરીને અવતરવાદો, આ જગતમાં ....



શ્રીમતી અસ્મીતાબેન એચ. ત્રિવેદી
પ્રાથમિક શિક્ષક

સમયની માંગ છે
બેટી બચાવો ....બેટી વધાવો....
નહીં કે બેટી વધેરો....
દીકરી ....
વહાલનો દરિયો....ઘરની દીવડી...
અને
સંવેદનાનું સરોવર...
આવી દીકરી વગર માતૃત્વ– પિતૃત્વ અધૂરું
એના વિના પરિવાર અધૂરો.સંસાર અસંભવ
હજુ અવતરી નથી એવી એ દીકરી માના ગર્ભમાં છે....
કહેવતો આધુનિક સમાજ મા ના ગર્ભમાંજ દીકરીને મારી નાખવાનો વિચાર કરે ત્યારે
એ બાળકી શું
કલ્પના કરતી હશે? આ બાળકી શું કલ્પના કરતી હશે?
આ બાળકી એની માને
ચિત્કાર કરીને કહે છે.....



માં, તારી આંગળી પકડીને મને ચાલવા દે...
મને આ જગતમાં આવવા દે...
તું પરીક્ષણ ભ્રૂણનું શાનુંરે?
તારી આકૃતિ ફરી સર્જવા દે...
હું તને આપું છું વિશ્વાસ– તારે ખોળે અવતરીશ તો વ્હાલની વેલી થઈ ઝૂલીશ....
આંગણે સંવેદના મહેંકાવા દે..
સાપનો ભારો નથી માં |
હું તો તારો જ અંશ છું....
માં, આ જગતમાં મને આવવા દે,
૨૧ મી સદીના આ સમયમાં...
વિજ્ઞાનના યુગમાં..
દીકરીનો આ ચિત્કાર....
આપણે ભણેલા-ગણેલા-શિક્ષિત લોકો નહીં સાંભળીએ |||



એની વેદના – સંવેદનાની અનુભૂતિ નહીં કરીએ તો સમાજની આવતીકાલ બહું બિહામણી હશે. તમને જાણીને આશ્ચર્ય થશે કે ગુજરાતમાં ૨૦૦૧ માં નવી શતાબ્દીના આરંભે હજાર દીકરાઓની સામે આઠસોને બે દીકરીઓ અવતરતી હતી એટલે કે ૧૯૮ દીકરીઓ ઓછી જન્મતી.. તમે કલ્પના કરો સમાજમાં દીકરી જ નહીં અવતરે તો સમાજ છિન્ન-ભિન્ન થઈ જશે. સમાજ એની બધી જ શક્તિ ગુમાવી દેશે દીકરી જન્મ લે એ પહેલાંજ માના ગર્ભમાં એની હત્યા કરી નાખાવાથી સમાજમાં કેવું અસમતોલપણું સર્જાશે

સમાજ અસમતોલ બને ત્યારે કેવી સ્થિતિ પેદા થાય છે એ યુરોપના દેશોએ અનુભવ્યું છે. પહેલા અને બીજા વિશ્વયુધમાં લગાતાર લડાઈઓ લડતા આ દેશોના જુવાનીયાઓ યુદ્ધની અંદર ખપી ગયા એના કારણે ત્યાં પુરુષોની સંખ્યા ઘટી ગઈ. પરિણામે એ દેશોમાં સ્ત્રી એક બજારુ ચીજ બની ગઈ હતી. સમાજમાં અસમતુલન પેદા થાય ત્યારે સમાજમાંકેવી વિકૃતિ પેદા થાય છે. એનું આ જીવતુંજાગતું ઉદાહરણ છે. આપણે ત્યાં પણ એક હજારે-સો-દોઢશો છોકરા કુંવારા ફરતા હશે ત્યારે આ સમાજજીવન કેટલું ખેદાનમેદાન થઈ ગયું હશે એનો અંદાજ લગાવો. આવું અસન્તુલનપેદા થશે તો આ સમાજજીવનનું ચક્ર કેવી રીતે ચાલશે?

સમાજની આ અસમતુલા કેવું વિકરાળ રૂપ ધારણ કરે કલ્પના માત્રથી જ હૈયું હચમચી જાય. અંતરમન ચીસ પાડી ઉઠે. દીકરીનો ગર્ભપાત જાણે માનવજીવનના ઉજ્જવળ ભવિષ્યનો જ ગર્ભપાત કરી નાખે છે. આ ભ્રૂણહત્યા એક દીકરીની નહીં, આ તો ભ્રૂણહત્યા આવનારી પેઢીની સ્વસ્થતાના બીજની ભ્રૂણહત્યા છે આ વેદનામાંથી જન્મ્યું છે બેટી બચાવો આંદોલન....

સમયની માંગ છે. બેટી બચાવો....બેટી વધાવો...નહીં કે બેટી વધેરો...

દરેક પરિવારની જવાબદારી છે. નાગરિક તરીકે આપણું કર્તવ્ય છે. માનવતાની ઉતમ અભિવ્યક્તિ છે, વેદનાના ચિત્કાર સામે સંવેદનાની સોડમ છે. વર્તમાનના સુખની મૂર્ખતા નહીં, ઉજ્જવળ ભવિષ્યની બાંયધરી છે. પાપમુક્ત પરિવાર, ભાવમુક્ત સમાજ, સ્વસ્થ સંસારચક્ર, આ સઘળું દીકરી બચાવી, વધાવવાનું શ્રેય લઈએ



# નવલી નવરાત્રિ - શક્તિ પૂજન



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ભારતીય લોકો ઉત્સવપ્રેમી છે. તેમાંય વળી નવરાત્રિના દિવસો વધુ આનંદ અને ઉત્સાહ ભરે છે. બીજા બધા ઉત્સવો કરતાં નવરાત્રિનો તહેવાર ૯ દિવસ સુધી ઊજવાય છે. આ દિવસો શક્તિની આરાધનાના દિવસો ગણાય છે. ખૈલેયાઓ મનમૂકીને નવરાત્રિ માણે છે. તેઓ કેટલાયે દિવસોથી આ તહેવારની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. ઘણીવાર એ પ્રશ્ન ઉપસ્થિત થાય કે શું આપણે આ તહેવારનું માહાત્મય સમજીને ઊજવણી કરીએ છીએ ખરા? ઉત્સવની ગરિમા જાળવીએ છીએ ખરા ? આજે આપણે નવરાત્રિ પાછળનો ભાવ જાણે વિસરતા જઇ રહયા છીએ.

અનાદિકાળથી આપણને ઋષિઓએ શક્તિનું પૂજન સમજાવ્યું છે. ગરબે ગોળ ઘૂમતી વખતે કેન્દ્રમાં સ્થાન મા જગદંબાનું જ હોય. તો વળી ઐકય ભાવના , સંઘનિષ્ઠા ઊભી થાય તે ભાવ પણ સમાયેલો છે.

**શક્તિ માં તરીકે :-**

આ વિશ્વનું જો કોઇ ચાલક બળ હશે તો તે એટલે દરેક જીવમાં રહેલી શક્તિ. આ શક્તિ આપણને ભગવાન પાસેથી જ મળી છે , તે વંદનીય છે. આ શક્તિનો ઉપયોગ સંસ્કૃતિના સંવર્ધન અને સંરક્ષણ માટે વાપરીએ તો તે પવિત્ર ગણાય .

**કઇ શક્તિ પવિત્ર હોઇ શકે ?**

માં આપણા માટે પવિત્ર છે. કારણ માં આપણા માટે ઘસાઇ જાય છે. હનુમાન પાસે જબરજસ્ત બુધ્ધિશક્તિ અને બાહુશક્તિ હતાં. પરંતુ આ શક્તિનો ઉપયોગ તેમણે રામ માટે જ કર્યો. માટે તેઓ આજે પણ પૂજાયછે. માં માટે સંસ્કૃતિ માટે,વપરાતી શક્તિ પવિત્ર છે.

**શક્તિની પિછાણ :-**

શક્તિનો ખજાનો દરેક પાસે છે , પરંતુ આ શક્તિનો જો અવળા માર્ગે ઊપયોગ થાયતો પતન થાય. આપણે આપણી શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ જાણીએ છીએ ખરા ? આ દિવસોમાં આપણે એ વિચારવું રહ્યું .

એકવાર રામદાસ સ્વામીએ બાળકોને પૂછ્યું કે તમને વીરમારુતિ ગમે કે દાસ મારુતિ ? એક બાળકે જવાબ આપ્યો : દાસ મારુતિ . કારણકે જે દાસ બની શકે તે વીર બની શકે .જ્યારે વીર બન્યા પછી દાસ બની શકે કે નહિ તે કહેવું મુશ્કેલ છે.

આપણે પણ નવરાત્રિનું ખરું હાર્દ સમજીએ અને માં એ આપેલી શક્તિને પિછાણી સારા માર્ગે વાપરવાનો સંકલ્પ કરીએ.

" સારા જહાં હિ જિસકી શરણ મેં નમન હૈ ,
ઉસમાતા કે ચરણ મેં બને હમ હૈ ,
હમ હૈ ઉસ માતા કી ચરણો કી ધૂલ,
તો આઓ મિલકર ચઢાયેં માં કો શ્રધ્ધાકે ફૂલ ."





# मेरे विचारों से ........



## लक्ष्मीपूजन

ए. बी. दाणी
लिग्नाइट प्रोजेक्ट , उमरसर

भारतवर्ष का २०१७ साल का सबसे बड़ा त्यौहार दीपावली १७ अक्तूबर से शुरू होने जा रहा हैं । इस त्यौहार में सबसे अधिक महत्व अश्विन अमावस के दिन को दिया जाता हैं जिसे लक्ष्मीपूजन के द्वारा मनाया जाता हैं ।

पहले के ज़माने में बारिश का मौसम ख़त्म होने के बाद खेतों में पकी फसल पर दीपावली का बनना या बिगड़ना निर्भर होता था । अच्छी फसल होने पर लोगों को अच्छी आमदनी होती थी और उसी से धूम धाम से दीपावली मनायी जाती थी । कमाया हुआ धन स्थिर रहे हमें फायदा पहुँचाता रहे इस भावना के साथ लक्ष्मीपूजन किया जाता हैं ।

लक्ष्मीपूजन के दौरान कमाया हुआ धन हमारे व्यवसाय संबंधित हिसाब किताब की पुस्तिकाए, आदि का श्रद्धापूर्वक पूजन किया जाता हैं। पूजा के दौरान लक्ष्मी माताजी की छबी का भी पूजन होता हैं जिसमे साथ में सरस्वतीमाता तथा गणेश भगवान भी होते हैं । परंतु क्या हमने कभी यह सोचा हैं कि लक्ष्मी माताजी के साथ सरस्वती माता और गणेश भगवान की भी पूजा क्यों होती हैं ? यह पूजन हमें और क्या सन्देश देना चाहता हैं ? आइये इस पर थोडा चिंतन करने की कोशिश करते हैं।

**लक्ष्मीजी -**

लक्ष्मी माताजी को धन प्रदान करने वाली देवी मानते हैं। लक्ष्मी याने धन या संपत्ति जिसे अस्थिर या चंचल माना जाता हैं । वह मनुष्य के जीवन से कब विदा हो जाये कहा नहीं जा सकता। संपत्ति का जरुरत से अधिक मात्र में होना या बहुत कम होना दोनों ही मनुष्य जीवन के लिए हानिकारक हो सकता हैं। इससे इन्सान गलत रास्ते पर भी अग्रेसर हो सकता हैं । धन या संपत्ति का विवेकपूर्ण संचय और उपयोग ही उसका दीर्घ समय तक उपभोग करने में मदत कर सकता हैं।

**सरस्वती माता -**

सरस्वतीमाता को हम ज्ञान की देवी मानते हैं । ज्ञानार्जन शुरू करने से पहले हम प्रथम उन्हें वंदन करते हैं, उनका आशिष प्राप्त करते हैं ताकि हम सज्ञान के मार्ग पर अग्रेसर हो । लक्ष्मी प्राप्त होने पर भी उसे स्थिर रखने का ज्ञान यदि हमें नहीं हैं तो

वह धन कभी भी लुप्त हो सकता हैं। समाज में अक्सर ऐसे उदाहरण पाए जाते हैं जहाँ विपुल मात्र में धनप्राप्ति होने के बावजूद भी वह जल्दी ही कम पड़ता हैं या खत्म हो जाता हैं, केवल अज्ञानता के कारण। इसके कुछ उदाहरण समाज में देखे जा सकते हैं जैसे कि श्री विजयपथ सिंघानिया, रेमण्ड इंडस्ट्रीज के मालिक जो पुत्रप्रेम में अपनी सारी सम्पत्ति खो बैठे। दूसरा उदहारण हैं श्री बोरिस बेकर, जो पांच बार विम्बल्डन के चैंपियन होने के बावजूद भी आज कफल्लक (bankkrupt) हो चुके हैं। उन्होंने इस बात को स्वीकार किया हैं कि कितना भी अमाप मात्रा में पैसा हो, परंतु यदि उसका उपभोग पूर्वनियोजन (proper planning) के साथ न हो तो उनके जैसी परिस्थिति किसी की भी हो सकती हैं। बहुत से व्यक्ति पर्याप्त मात्रा में धन प्राप्ति होने पर भी केवल कुमार्गो को अपनाकर सबकुछ खो बैठते हैं। इसे सिर्फ सज्ञान ही रोक सकता हैं, इसलिए इन्सान को जीवन में अच्छी पढाई लिखाई करना अत्यंत जरुरी है। लक्ष्मीवास चिरकाल बने रहने हेतु सरस्वतीवास याने सज्ञान का होना अति आवश्यक हैं।

### गणेश भगवान -

गणेशजी को हम विघ्नहर्ता मानते हैं। इस सन्दर्भ में हम यह कह सकते हैं कि धन कमाने में और उसे उपभोगने में हमारा नसीब हमें साथ दे। उपभोग के समय आने वाले सारे विघ्नों को गणेश भगवान हरण कर ले। लक्ष्मी का चिरकाल तक हमारे पास बना रहना हमारे नसीब पर भी निर्भर होता हैं और हमारे नसीब में आनेवाले विघ्न या दुःख दूर करने हेतु हम गणेश भगवान को प्रार्थना कर सकते हैं और इसी कारण उनका भी पूजन करके उनका आशीर्वाद प्राप्त करने की कोशिश करते हैं।

हम धन कमाने के लिए अपार मेहनत कर सकते हैं तथा हमारे पास पर्याप्त ज्ञान भी हो सकता हैं, लेकिन जब तक वह हमारे तकदीर में नहीं होगा हम उसका उपभोग नहीं कर सकते। उदहारण के तौर पर देखे तो एक कृषकने कड़ी मेहनत कर अच्छी फसल का निर्माण किया लेकिन अतिवृष्टि के कारण अथवा कोई विषाणुओं के आक्रमण के कारण सारी फसल नष्ट या ख़राब हो गयी। कुदरती आपत्तियाँ जैसे धरतीकम्प, प्रलय, तूफान, महामारी, वगैरे का घटना। धन चोरी हो जाना अथवा मनुष्यका किसी असाध्य बीमारी का शिकार हो जाना, जीवन में कोई बड़ी दुर्दैवी घटना का सामना होना, आदि।

इन सबसे बचने के लिए या लड़ने के लिए हमें श्री गणेश भगवान जो सुखकर्ता याने सुख प्रदान करने वाले और दुखहर्ता याने दुःख का हरण करने वाले हैं उनका आशीर्वाद प्राप्त होना भी आवश्यक हैं ।

कोई भी पूजाविधी के दौरान पूजा की शुरुआत संकल्प के साथ की जाती हैं। संकल्प करते समय लक्ष्मी प्राप्ति और उसे स्थिर रखने हेतु जो प्रार्थना की जाती हैं वह इस प्रकार हैं -

" मम, आत्मनः, श्रुति, स्मृति, पुराणोक्त, पुण्यफल प्राप्ति अर्थं, ऐश्वर्य अभिवृद्धि अर्थं, अप्राप्त लक्ष्मी प्राप्ति अर्थं, प्राप्त लक्ष्म्याः चिरकाल संरक्षणार्थं, सकल मन इप्सित कामना संसिद्धि अर्थं "

" प्राप्त लक्ष्म्याः चिरकाल संरक्षणार्थं " यही हमारे ऊपर विस्तृत से किये गये चिंतन का सार हैं ।

दीपावली सन्देश - सूर्य भगवान अस्त होने जा रहे थे तब सारे विश्व ने चिंता जतायी के सूर्यास्त के बाद प्रकाश फ़ैलाने का कार्य कौन करेगा ? तब एक छोटेसे दिये ने कहा यह जबाबदारी मै उठाऊँगा और मुझसे जितना होगा मै करूंगा नाथ।
इसे इस तरह समझने की कोशिश करते हैं कि अंधकार को हम समाज की बुराइयाँ या अज्ञान मान सकते हैं । महान व्यक्तिमत्व वाले लोग जैसे कि महात्मा गांधी, स्वामी विवेकानंद, डॉ. बाबासाहेब अंबेडकर, बाबासाहेब आमटे, वगैरे जो अपने कार्यों में प्रखर सूर्य बनकर उभरे और देशसेवा और समाजसेवा तथा समाज परिवर्तन में अपना अमूल्य योगदान दिया । ऐसे महान व्यक्तियों के बाद (याने उनके अस्त के बाद) उनके महान कार्य को आगे कौन बढ़ायेगा इस बात की चिंता समाज में होने लगाती हैं ऐसे में हरेक व्यक्ति छोटासा दीप बनकर कोई भी सामाजिक बुराई या कुरीति या अज्ञान के खिलाफ उससे जितना हो सके उतना ज्ञान का दीप जलाकर लड़ सकता हैं फिर भलेही कितने भी बड़े सूर्यों का अस्त हो जाये या हो चूका हो। व्यक्ति खुद के अन्दर की बुराइयाँ और अज्ञान के खिलाफ भी लड़ सकता हैं जिसके लिए भगवान बुद्ध ने कहा हैं " अत्त दीप भव " याने की तुम ही खुदके दीपक बनो याने आत्मदीप को प्रज्वलित कर सन्मार्ग की राह पर चलने का सन्देश दिया हैं ।

सभीको हमारे परिवार की ओर से दीपावली की हार्दिक शुभकामनाये ।

|| शुभं भवतु ||

# बाबुराव



KASHMIRA HIMANSHU GOR
(KASH)

बाबुराव साईकिल रिक्षा चलाने वाला
स्कूल लाने लेजाने आता था।
माँ जब गोद मे उठाके रिक्षा मे बिठाने आती थी।
बाबुराव गोदी उठाके रिक्षा मे बिठा देता था।
स्कुल आते ही सबको उतारकर अंदरतक छोड ने आता था।
सकुल से छूट्टी होते ही बाबुराव की रिक्षा चडने मे बडा मझा आता था।
गुडियाँ कहकर बाबुराव गले लगा लेता था।
दिखने मे बाबुराव बडा काला था।
पर कपडे हमेशा पाढरे पहेनता था।
कंधे पे बडा सा रूमाल रखता था।
अपना पसीना बार बार उससे पोछता था।
आखै बहुत अंदर जा चूकी थी। पर जब भी हसता पूरी ब्बतीसी दिखाता था।
माँ जब टिफिन नही दे पाती थी
बाबुराव ,रामभंडार मे दहि बडे समोसे खिलाता था।
"आता पोटा मध्ये जगा आहे का? कह के हसा देता था।
आखिर मे जब घर छोडने आता था ।
गोद मे उठाके पायरी चडता था।
,काकु' से चाबी लेकर ,सोफे पे बिठाता था।
अच्छा ,गुडियाँ 'मी येतो' कह के ताला लगा देता।
आँखे, नम होकर,मन धीरे से कहेता बाबुराव ,मत जाओ। बाल्कनी से बाबुराव को रोते हुवे अपना हाथ हिलाती थी।
चौथी मंझील से बाबुराव को दिखाई न देता था,
पर रोने की आवाज मन से सुन लेता था।
.....फिर न जाने कब,बाबुराव और साईकिल रिक्षा छूट गया।
एक दिन बारीस के दिनो बाबुराव,पिताजी को मिल गया।
बस्ता उठाये घर तक छोडने आया।
माँ ने जब गरम चाय दी, तो बाबुराव ने भी हिदायत देदी,"बाबु" गुडियाँ को बडे से परिवार वाले लोगो मे देना।
अकेले मे वो बहूत रोती हे।
ये सच्चाई माँ पिताजी नही जानते थे ,जो बाबुराव जानता था।
आज भी घर मे अकेली होती हु, और आखँ रोने लगती हे।
तो बाबुराव की याद आती हे।
बाबुराव,एक बार उपर जरुर देखना ,गुडियाँ आज भी रोते हुवे अपना हाथ हिलाती हे।



# શાળા ની પ્રવૃત્તિઓ








## માટી કામ પ્રવૃત્તિ








## શૈક્ષણિક પ્રવાસ















# હાઉસ ક્રિકેટ





# વ્યક્તિત વિકાસ













# રાસ ગરબા





